
## વડીલોને વંદન અભિનંદન


પંઢરીનાથ શંકરરાવ જગતાપ
(૧૯૩૮)ફોન:૨૩૨૧૨૧૪૮


પ્રેમીલાબેન હસમુખલાલ શાહ
(૧૯૪૮)ફોન:૨૩૨૨૬૬૯૧


સૌદાતસિંઘ સંકલ્પસિંઘ સોલંકી
(૧૯૩૭)ફોન:૨૩૨૬૧૫૬૮


ચંદ્રસિંહ આર. બિહોલા
(૧૯૪૫)મો.૯૪૨૬૨૮૨૮૨૧


ભગવાનભાઈ કા. ગોહેલ
(૧૯૪૬)ફોન:૨૩૨૮૮૦૮૯


પ્રવીણભાઈ બી. પટેલ
(૧૯૫૫)મો. ૯૮૨૪૬૭૭૭૦૬

### જાહેર બાંધકામ કરાર સંબંધી વિવાદ-લવાદ ટ્રીબ્યુનલમાં વેકેશન

ગુજરાત જાહેર બાંધકામ સંબંધિ વિવાદ-લવાદ ટ્રીબ્યુનલમાં તા.૩૧-૧૨-૧૨ થી ૬-૧-૧૩ બંને દિવસ સહિત શિયાળુ વેકેશન રહેશે. આ દરમિયાન કેસોની ન્યાયિક સુનાવણી હાથ ધરાશે નહીં.

## શબ્દાવલી - ૪૯૩૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | ૮ | |
| ૯ | | | | | ■ | | ■ |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | ૧૪ | ■ | ■ | ૧૫ | | | |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. લાગણીશીલ, ભાવનાવાળુ (૬)
૬. ગુદાનો એક રોગ (૨)
૭. વાંદરો (૩)
૯. વાયુનું આવરણ (૫)
૧૦. રેતીનું મેદાન (૨)
૧૧. લાડવાનો ભુક્કો (૩)
૧૩. પ્યાલો (૨)
૧૫. 'ગતકડું' શબ્દ આડોઅવળો (૪)
૧૬. વસ્તુ કે કોમનું વળગણ(૩)
૧૮. હા ભણવી તે કે વાતમાં હાજીપો પુરાવવો તે (૩)
૧૯. ફેન, હવા આપતું સાધન (૨)
૨૦. સાવકોરો, નવો નકોર (૪)
૨૧. આંકડા, ગણિતનાં... આપી હોય તેના પરથી દાખલા ગણાય(૩)

### ઊભી ચાવી

૧. ભાર વહન કરી આપતું જતું વાહન (૫)
૨. જજને... પણ કહેવાય(૪)
૩. પ્રસારિત કરવું તે (૪)
૪. જૂના નહિ તેવા (૨)
૫. એક પ્રકારનું સુતર (૨)
૮. ઘૃણા (૪)
૧૧. ચાડીખાઉ (૫)
૧૨. મીલમાં સાંચાનો જાણકાર માણસ... ઉપરી (૫)
૧૪. આંખોનો..., પાંપણ પટપટાવીએ તે (૪)
૧૭. ફૉક (૩)
૧૮. હુક્કો, ચલમ (૨)

### શબ્દાવલી ૪૯૩૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગોલકીપર (૩) ખાખી (૫) જાગરણ (૭) પારિજાત (૧૦) માવો (૧૧) નવઘણ (૧૩) ડીમ (૧૫) મર્જ (૧૬) લઘરવઘર (૨૦) ટંકાર (૨૧) કરામત (૨૩) રોક

**ઊભી ચાવી :-** (૧) ગોળપાપડી (૨) રજા (૩) ખારવો (૪) ખીણ (૬) ગમાણ (૮) જાન (૯) તવ (૧૨) ફર્જ (૧૪) મલકાટ (૧૫) મરમ (૧૭) ઘર (૧૮) વકરો (૧૯) ઘરાક (૨૨) તક

### હારેલા ૨૨થી વધુ ઉમેદવારોને કોંગ્રેસ હવે ટિકિટ નહીં આપે

# પક્ષ બાંધછોડ નહીં કરે તો હવે કેટલાયની કારકિર્દી રોળાશે

## અર્જુન મોઢવાડિયા અને શક્તિસિંહ ગોહિલ સહિત કેટલાક નેતાઓ ૧૫૦૦૦થી વધારે મતે હાર્યા હોઈ ભવિષ્યમાં તેમને ટિકિટ નહીં

અમદાવાદ, તા. ૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો પરાજય થયો. એમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ ૧૫૦૦૦થી વધુ મતોથી હાર્યા છે. ઉપરાંત ૨૨ જેટલાં ઉમેદવારો બીજીવાર હાર્યા છે.

કોંગ્રેસ વર્કીંગ કમિટીએ બનાવેલા નિયમોનું ચુસ્ત પાલન કરવામાં આવશે તો હવે પછીની લોકસભા કે વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષના હારેલા દિગ્ગજો સહિત બે ડઝનથી વધુ ઉમેદવારોને ટિકિટ મળશે નહીં. એટલે નવા ચહેરાઓને તક મળશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના હાઈકમાન્ડે ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણી પહેલા નીતિ-નિયમો બનાવ્યા હતા. જેમાં જે ઉમેદવાર બે વાર હાર્યા હોય અને ૧૫૦૦૦થી વધુ મતોથી હાર્યા હોય તેમને ટિકિટ આપવી નહીં. હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં આ નિયમોનું કડકપણે પાલન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં આ નિયમો ચુસ્તપણે અનુસરાયા હતાં જેના કારણે કોંગ્રેસમાં બળવો થયો હતો. બે વાર હારેલા નરહરિ અમીનને ટિકિટ નહીં અપાતા તેઓ રિસાઈને ભાજપની છાવણીમાં ભળી જઈને કેસરી ખેસ ધારણ કરી લીધો હતો. ઉપરાંત પ્રદેશ કોંગ્રેસના જ અગ્રણી ગણાતા હિંમતસિંહ પટેલ, નરેશ રાવલને પણ ટિકિટ નહીં મળતા નારાજ બન્યા હતા, પણ કોંગ્રેસ હાઈકમાન્ડ પોતાના જ નીતિ-નિયમોને વળગીને રહ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો કોંગ્રેસ માટે આચકારૂપ રહ્યા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ ૧૫૦૦૦થી વધુ મતોથી હાર્યા છે. ઉપરાંત દસાડાની બેઠક પરથી મનહરભાઈ મકવાણા વઢવાણની બેઠક પરથી હિમાંશુ વ્યાસ, મોરબીની બેઠક પરથી બ્રિજેશ મેરજા, કાલાવાડની બેઠક પરથી ડૉ. દિનેશ પરમાર, જામનગર સાઉથની બેઠક પરથી જીતેન્દ્ર લાલ, માંગરોળની બેઠક પરથી ડૉ. ચંદ્રિકાબેન ચૂડાસમા, ગારિયાધારની બેઠક પરથી બાલુભાઈ માંગુકિયા અને ગઢડાની બેઠક પર પ્રવીણ મારૂ સહિત ૨૨ થી વધુ ઉમેદવારો બીજી વાર હાર્યા છે. એટલે હવે પછીની ચૂંટણીઓમાં ૧૫૦૦૦થી વધુ મતોથી તેમજ બે વાર હારેલાને ટિકિટ મળશે નહીં. એટલે નવા ચહેરાઓને સ્થાન મળશે.

# અંબાજી રૂટની ખાસ બસ વ્યવસ્થાના લીધે ડેપોને ૩ લાખની આવક થઈ

## કર્મચારીઓના ધસારાને ધ્યાને લઈ સપ્તાહ દરમિયાન રોજ ત્રણ બસો મુકવામાં આવી હતી

ગાંધીનગર, તા.૩૧

એલ.ટી.સી. અન્વયે કર્મચારીઓને યોગ્ય બસ સુવિધા પુરી પાડવા એસ.ટી. તંત્ર દ્વારા ગાંધીનગર અંબાજી રૂટની રોજની ત્રણ બસો મુકવામાં આવી હતી. જેના પરિણામે છેલ્લા એક સપ્તાહમાં ડેપોને વધારાની રૂ. ૩ લાખની આવક પ્રાપ્ત થઈ છે.

એલ.ટી.સી. અન્વયે એક દિવસની મુસાફરીએ જતા કર્મચારીઓને ધ્યાને લઈ એસ.ટી. ડેપો દ્વારા વિશેષ બસ સેવા ગોઠવવામાં આવી હતી. અંબાજી રૂટ પર કર્મચારીઓનો ધસારો વધતા એસ.ટી.ડેપો દ્વારા ગાંધીનગર-અંબાજી રૂટ પર ખાસ વર્ધી મુકવામાં આવી હતી. કર્મચારીઓને યોગ્ય બસ સુવિધા મળી રહે તે માટે આ રૂટ પર રોજની ત્રણ બસો ખાસ દોડાવવામાં આવી હતી. જયારે ગત રવિવારના દિવસે ડેપો કક્ષાએથી ત્રણ ઉપરાંત બે વધારાની બસો પણ મુકવામાં આવી હતી. જયારે આજે પણ બે બસો અંબાજી રૂટ પર દોડાવાઈ હતી. ચૂંટણી વેળાએ કર્મચારીઓને રજા ન મળતા મોટા ભાગના કર્મચારીઓએ એલ.ટી.સી.નો લાભ લઈ ટૂંકો અને એક દિવસીય પ્રવાસ કર્યો હતો. એસ.ટી. ડેપોના સૂત્રોના જણાવ્યા અનુસાર ગાંધીનગર-અંબાજી રૂટની આ વિશેષ બસ સેવાના અંતે ડેપોને અંદાજિત રૂ. ૩ લાખની વધારાની આવક પ્રાપ્ત થઈ છે.

### કોગ્રેંસ નવા વર્ષના શુભારંભે શુભેચ્છા પાઠવે છે

અમદાવાદ, તા.૩૧

ગુજરાત પ્રદેશ કોગ્રેંસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, કોગ્રેંસ પક્ષના વરિષ્ઠ આગેવાનશ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી શંકરસિંહ વાઘેલાએ ૨૦૧૩ નવા વર્ષના પ્રારંભે ગુજરાત નાગરિકોને શુભ કામના પાઠવતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૩ ગુજરાતના નાગરિકોને સુખમય, શાંતિમય અને સમૃદ્ધિમય રહે. નવા વર્ષમાં સારી આરોગ્ય વ્યવસ્થા, સારૂ શિક્ષણ, સારી કાયદો વ્યવસ્થાની સ્થિતી ગુજરાતના નાગરિકોને મળે તેવી આશા વ્યકત કરી હતી.



### ખેડબ્રહ્મામાં રોડ વચ્ચેનો વીજ થાંભળો અકસ્માત નોતરશે...!!

ખેડબ્રહ્માના બસ સ્ટેન્ડ વિસ્તારમાં નવીન શોપીંગ સેન્ટર આગળ રોડ વચ્ચેનો વીજ થાંભલો અકસ્માત નોતરશે તેવી વકી સેવાઈ રહી છે. તંત્ર દ્વારા આ રોડ ઉપરને બે વીજ થાંભલા સત્વરે ખસેડવામાં આવે તેવી લોકોની માંગણી અને લાગણી છે. ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં ખેડબ્રહ્મા ગામમાંથી અંબિકા માતાજી મંદિર જવાનો રોડ નવીન બનાવવામાં આવ્યો છે. આ રોડ ઉપર આવેલ બે માળના શોપીંગ સેન્ટર આગળ રોડની વચ્ચોવચ બે વીજ થાંભલા લોકો તથા વાહનચાલકો માટે અચડણ રૂપ છે. આ રોડ રાહદારીઓ અને વાહનચાલકોથી દિવસ દરમિયાન ભરચક રહે છે. સાંજના સમયે આ રોડ ઉપર ગુજરી જાય તેવો માહોલ હોય છે. રોડ બનાવતાં પહેલાં આ બે વીજ થાંભલા ખસેડવાની કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. અને થાંભલાં ન ખસતાં લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. આ બે થાંભલાના કારણે નાના અકસ્માત પણ થાય છે. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)

# સેકટર-૨૧ પંચશીલ પાર્કના વસાહતીઓનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી પંચશીલ પાર્ક સોસાયટીના નિવાસીઓનું સ્નેહમિલન તાજેતરમાં યોજાયું હતું. વસાહતીઓના સ્નેહમિલન કાર્યક્રણમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરાયા હતા તથા દિલ્હી ગેંગ રેપમાં દિવંગત બનેલી દામિનીને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ હતી. અને સોસાયટીની નવી ટેલિફોન ડીરેકટરીનું વિમોચન કરવામાં આવ્યું હતું.

પંચશીલ પાર્ક સોસાયટીના અંદાજે ૫૦૦ જેટલા વસાહતીઓનું ભવ્યસ્નેહ મિલન તાજેતરમાં યોજાયું હતું. સ્નેહ મિલન પ્રસંગે સૌએ સોસાયટીના તેજસ્વી તારલાઓને ઈનામ આપી પુરસ્કૃત કર્યા હતા તથા સોસાયટીની નવી ટેલિફોન ડીરેકટરીનું સમારંભના પ્રમુખ શિવકુમાર વર્માના શુભાસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં દિલ્હીમાં દુષ્કર્મની ભોગ બનેલી અને દિવંગત થયેલી કમનસીબ દામિનીને શ્રધ્ધાંજલિ આપી સૌએ બે મિનિટનું મૌન પાળ્યું હતું. પંચશીલ પાર્ક સોસાયટીના પ્રમુખ મહેશસિંહ રાઓલે આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને પ્રો. આર.પી. મહેતાએ ઈનામ મેળવનાર સૌને ઉદબોધન કરી પ્રેરક પ્રવચન કર્યુ હતું. આ પ્રસંગે પૂર્વ પ્રમુખો, આગેવાનો, વડીલો, બહેનો, બાળકો સૌ ઉપસ્થિત રહ્યા હતા અને શિયાળાની વધતી ઠંડીમાં ઉંધિયું-જલેબીના ભોજનની લિજ્જત માણી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સોસાયટીના પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પંડયાએ કર્યું હતું.



### મૃત્યુ પછી જીવન નથી વિજ્ઞાન જાથાનો કાર્યક્રમ

ભારતીય જન વિજ્ઞાનજાથાએ મૃત્યુ પછી જીવન નથી. અજ્ઞાનતાને કારણે માનવી દુઃખી થાય છે. સદાચારી બનવા માટે શરીરને કષ્ટ આપવું જડતા છે. શરીમ દમન, દુઃખ આપનારી ભૌતિક ક્રિયા છે. પૃથ્વી ઉપરના ધર્મોએ ખોટી ભ્રામકતા રચી માનવીને પંગુ બનાવ્યો છે. ધર્મોએ મહિલાઓ ઉપર નૈતિકતાના નામે શોષણ કર્યું. રાજકોટમાં અંધશ્રધ્ધા નિવારણાર્થે જન વિજ્ઞાન જાથાનો કાર્યક્રમ યોજાયો હતો. વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કાર, જયોતિષ, વાસ્તુશાસ્ત્ર, ફેંગશુઈ, ટેરા અંક, છાયા, સિગ્નેચર વગેરે પર વિચારો રજૂ કરીને અંધશ્રધ્ધાથી દૂર રહેવા જણાવેલ હતું.

# બનાસકાંઠા જિલ્લામાંથી બે પ્રોબેશનલ પી.એસ.આઈ.ની કમાન્ડો ટ્રેનીંગમાં પસંદગી

પાલનપુર, તા. ૩૧

ગુજરાત પોલીસમાંથી કમાન્ડો ટ્રેનીંગ માટે પસંદગી કરવાની પ્રક્રિયા ચાલતી હતી. જેમાંથી સમગ્ર ગુજરાતમાંથી કુલ ૧૦૬ પી.એસ.આઈ.ની કમાન્ડો ટ્રેનીંગમાં પસંદગી કરાઈ હતી. જેમાંબનાસકાંઠાના યુવા પ્રોબેશનલ પી.એસ.આઈ.ની પસંદગી થતાં પોલીસ બેડામાં ખુશી છવાઈ જવા પામી છે.

ગુજરાત પોલીસના ૧૦૬ પી.એસ.આઈ.ને ત્રણ માસની કમાન્ડો ટ્રેનીંગ કરાઈ (ગાંધીનગર) ખાતે આપવામાં આવશે. આતંકવાદીઓ સામે લડવાની તેમજ ગન - રાઈફલ ચલાવવાની તેમજ અન્ય પ્રવૃત્તિઓની ટ્રેનીંગથી સજ્જ કરવામાં આવશે. આ કમાન્ડોની પસંદગીમાં બનાસકાંઠાના કાંકરેજના શિહોરીમાં પી.એસ.આઈ.ની ફરજ બજાવતા મહિપતસિંહ કુંપાવત અને પાલનપુર તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા કે. એલ. ગાધે બન્ને યુવા પી.એસ.આઈ. પ્રોબેશનલ છે અને ખંત જાંબાઝથી ફરજ નિભાવે છે. ઉપરોક્ત બન્નેની ગુજરાતના ૧૦૬માં પસંદગી થતાં જિલ્લા પોલીસ વડા તથા અન્ય જિલ્લાના પોલીસ અધિકારીઓ પોલીસગણે અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતભરમાં ઠંડીમાં વધારો થયો : જનજીવનને અસર થઈ

અમદાવાદ, તા. ૩૧

રાજ્યમાં ઠંડીમાં વધારો થતા સામાન્ય જનજીવન પર અસર પડી છે. રાજ્યમાં સૌથી વધારે ઠંડી આજે નલિયામાં સાત ડિગ્રી નોંધાઈ હતી. આ ઉપરાંત રાજકોટમાં ૯.૭, ભૂજમાં ૯.૮ અને કંડલા બંદર ખાતે ૧૦.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. રાજ્યમાં કાતિલ ઠંડીના કારણે લોકો ઠુઠવાઈ ગયા છે. અને રાત્રે માર્ગો સુમસામ બની જાય છે. તીવ્ર ઠંડીના કારણે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેરવા પડે છે અને રાત્રે ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હિટરની મદદ લેવી પડે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને ઠંડીની અસર વધારે થતી હોવાથી તેમની હાલત કફોડી બની છે. વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. અને અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૭.૧ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૫૨ ટકા નોંધાયું હતું. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં હવે લોકોએ સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની શરુઆત કરી દીધી છે. ઠંડી વધતાં રાત્રે રસ્તા સૂમસામ દેખાય છે. અને ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન નલીયા ૭, અમરેલી ૧૧.૮, ભાવનગર ૧૩.૧, રાજકોટ ૯.૭, મહુવા ૧૪.૭ ડીસા ૧૨.૮, ગાંધીનગર ૧૩, વડોદરા ૧૫, વલ્લભવિદ્યાનગર ૧૪.૪, વલસાડ ૧૨.૬, ભૂજ ૯.૮, દીવ ૧૩.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

### સરકાર પુરાં પાડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જરૂરિયાત પ્રમાણે સ્ટીલ અને કાચના વાસણો પુરા પાડવામાં આવશે. આ ઉપરાંત ઘરસફાઈના સાધનો, તેમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી તેમજ પ્લમ્બીંગ અને સેનેટરી મટીરિયલ્સ પણ સરકાર દ્વારા પુરું પાડવામાં આવશે. જોકે ધારાસભ્યોના ફલેટમાં મોટાભાગે તેમના માણસો કાયમી ધોરણે રહેતા હોવાનું પણ માલુમ પડ્યું છે.

### ઓફિસરો રિટાયર્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી હતી. તેમના પછી આ સર્વોચ્ચ પદ પરથી નિવૃત્ત થયેલા સુધીર માંકડને ગિફ્ટ સિટીમાં ચેરમેન પદે મૂકવામાં આવેલા છે. ડો.મંજૂલા સુબ્રમણ્યમને ગુજરાત વિઝિલન્સ કમિશનમાં કમિશનર બનાવેલા છે. એ ઉપરાંત ડી. રાજગોપાલન ચીફ સેક્રેટરી પદેથી નિવૃત્ત થયા પછી પહેલાં નર્મદા નિગમના ચેરમેન બન્યા હતા અને પછી ૨૦૧૧માં રાજ્યના મુખ્ય ઈન્ફર્મેશન કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યાં છે.

ગુજરાતના વહીવટી તંત્રમાં સિનિયરોની ભારે ખોટ વર્તાઈ રહી છે અને ૨૦૧૩માં તીવ્રતા વધશે, કારણ કે ગુજરાતની સિનિયર કેડર નિવૃત્તિના આરે છે. નવી સરકારને એક મહિનામાં જ નવા ચીફ સેક્રેટરીની ખોજ કરવી પડશે.

ભારતીય વહીવટી સેવાના ૧૮ ઓફિસરો કે જેઓ વય નિવૃત્ત થાય છે તેમાં આર.કે.ત્રિપાઠી, રવિ સકસેના, પી.પનીરવેલ, આઈ.પી.ગૌતમ, વી.એસ.ગઢવી, કે.કૈલાસનાથન અને એસ જગદીશન જેવા ધુરંધર ઓફિસરોનો સમાવેશ થાય છે. કે. કૈલાસનાથન હાલ મુખ્યમંત્રીના અધિક મુખ્યસચિવ તરીકેનો ચાર્જ સંભાળી રહ્યાં છે.

### અજાણ્યા વાહનની ટક્કરથી આલમપુર ગામના આધેડનું મોત

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના આલમપુર પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કર વાગતાં આલમપુર ગામના આધેડ વય ધરાવતાં ભીખાભાઈ રાવળને ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે આલમપુર ગામના વતની તા. ૩૧મી ડિસેમ્બરના રોજ ભીખાભાઈ હરજીભાઈ રાવળ (ઉ.૫૫) તેઓ આંખોની સારવાર માટે રાંધેજા ખાતે બતાવવા જતા હતા. આ સમય દરમિયાન આલમપુર બસ સ્ટેન્ડ પાસે ઉભા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન બેફિકરાઈ તથા ગફલતભરી રીતે હંકારી ભીખાભાઈ રાવળનેટક્કર મારતાંશરીરે ઈજાઓ પહોંચાડી વાહન લઈ ભાગી ગયો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર જયેશભાઈ ભીખાભાઈ રાવળે ચિલોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પી.એસ.આઈ. એસ. બી. વાઘેલાએ વધુ તપાસ હાથ ધરી છે.

### મંદીના પડછાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક ચોંકાવનારી હકીકત એવી પણ બહાર આવી છે કે સખીમંડળોને તેમની કેશ ક્રેડિટમાં વ્યાજમાં સબસીડી આપવાની સરકારની જાહેરાત પછી પણ આ મંડળો પણ કેશ ક્રેડિટના નાણાં ઉપાડવા માટે અનિચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં વૈશ્વિક આર્થિક મંદીની અસરો પહેલીવાર પ્રકાશમાં આવી રહી છે. જિલ્લામાં જે રીતે ક્રેડિટ ડિપોઝીટ રેશિયામાં ઘટાડો નોંધાયો છે તે ભલે ત્રણ માસ પુરતો મર્યાદિત હોય પરંતુ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ પડે તેવી સ્થિતિ છે. જિલ્લામાં કોઈ નવા ઉદ્યોગો છેલ્લા છ મહિનામાં સ્થપાયા નથી તેમજ કૃષિક્ષેત્રે પણ ઉત્પાદનમાં ઘટાડો એ ચિંતાનો વિષય બની ઉભરી રહ્યો છે.

# જાન્યુઆરીના પ્રારંભથી ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૩૧

ભારત જન વિજ્ઞાન જાથાના જણાવ્યા મુજબ જાન્યુઆરી પ્રારંભથી તા. ૪ સુધી કવાડેરેન્ટીડ્સ ઉલ્કા વર્ષાનો અવકાશી નજારો જોવા મળશે. આકાશમાં ત્યાર પછી ઉલ્કા વર્ષાનું ૧૦૫ દિવસનું વેકેશન રહેશે. રાત્રીનો ૧ થી પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય. કલાકમાં ૧૫ થી ૧૦૦ ઉલ્કાઓ સ્પષ્ટ પડતી જોવા મળશે. હવે પછી એપ્રિલ તા.૨ થી ૨૩મી સુધી લાયરીડ્સ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે. આકાશમાં દિવાળીના ફટાકડાની રોમાંચક આતાશબાજી જોવા મળશે. રાજયના ખગોળીય આનંદ જાથા વિજ્ઞાન જાથાએ અપીલ કરેલ છે.

વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવા છે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દશ્યો જોઈને કોઈએ ભય અનુભવવો નહી. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. વાતાવરણમાં રહેલા વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે. ઉલ્કા વર્ષાની માહિતી અંગે મોબાઈલ નં. ૯૮૨૫૨૧૬૬૮૯, ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક કરવો.

# બ્રાહ્મણોના લાભાર્થે હરિદ્વારમાં ભાગવત કથાનું નિઃશુલ્ક આયોજન

રાજકોટ, તા. ૩૧

ભગવાન નામ જાપ મંત્ર બેંક રાજકોટની યાદી જણાવે છે કે આગામી ભાદરવા માસમાં સૌરાષ્ટ્ર કચ્છના બ્રાહ્મણોના પિતૃ મોક્ષાર્થે હરિદ્વાર મુકામે ગંગાતટે તા. ૮મી સપ્ટેમ્બરથી ૧૪મી સપ્ટેમ્બર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ, જ્ઞાનયજ્ઞનું આયોજન શ્રી મધુસૂદન શાસ્ત્રીજીના વ્યાસપીઠે, ભગવાન નામ જાપ મંત્ર બેંક દ્વારા બ્રાહ્મણોની સેવા પૂજા કરવા યજમાન બનવા તથા યાત્રાનો લાભ અપાવવાના નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવનાર છે.

આર્થિક નબળા બાહ્મણોને હરિદ્વાર જવા આવવાની સગવડતા સાથે યજમાન બનવા કથા કરાવવા માટે નિઃશુલ્ક લાભ આપવામાં આવશે. સધ્ધર બ્રાહ્મણો માટે યજમાન થવા રાહત દરે લાભ આપવામાં આવશે. રહેવા જમવાની તથા રૂમોની સુવિધા અપાશે.

તો, આ અંગે સંસ્થાપક વિષ્ણુભાઈ રાવલ, રાજકોટનો સંપર્ક ફો. નં. (૦૨૮૧) ૨૫૮૮૫૮૬, મો. નં. ૮૨૩૮૯ ૬૨૪૬૮ સાંજના ૪ થી ૬ વાગ્યે સંપર્ક કરવા જણાવેલ છે.

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર

**જાહેર નિવિદા (ત્રીજો પ્રયત્ન)**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા ખાતેના હોસ્ટેલ વિભાગની કેન્ટીન ચલાવવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી (મરામત અને નિભાવણી) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા ભાવો માગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૯-૧-૨૦૧૩ છે. તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તા. ૨૪-૧-૨૦૧૩ના રોજ ૧૮-૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. માહિતી/૧૮૯૨/૧૨-૧૩